

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*વિના કારણ મા-દિકરી મિડિયામાં છવાઈ છે,*
*સવાઈ બદચલન પર, કોર્ટની તવાઈ છે,*
*નવાઈ છે આટલું મહત્ત્વ આને મળે છે કેમ?!*
*માયાવી ઇંદ્રાણીની ઇંદ્રજાળની આ ભવાઈ છે..*

### હાઈકુ

*શું બિહારમાં -*
*ભાજપ નું કમળ -*
*ખીલશે નહીં?*
*(- બેજન દારૂવાલા)*

*રાષ્ટ્ર કક્ષાએ*
*પડશે પનો ટૂંકો -*
*યુવા નેતાનો..*
*(ચિંતન નો વિષય)*

### ચિંતન

**તુષ્ઠાનર્થમાના ભ્યાં પૂજયેત ।**
**અતુષ્યન્ સામ-દામ-ભેદ-દંડૈ સાધયેત ॥**

રાજાએ પોતાના પ્રશાસન-રાજય વહીવટમાં જે લોકો કર્તવ્યપરાયણ રહી - એક નિષ્ઠા અને સંતોષપૂર્વક કામ કરે છે તેમને પદોન્નતિ - પુરસ્કાર - માન - સન્માન - પુરસ્કાર આપીને સન્માનિત અને પ્રોત્સાહિત કરવા જોઈએ.

એવી જ રીતે વિદ્રોહી-કામચોર-કૌભાંડી-ખાયકી કરનારા લોકોને સામ-દામ-દંડ-ભેદ જેવા રાજય-વહીવટના નિયમો દ્વારા નીતિપૂર્વક શમન-દમન કરવું જોઈએ.

આજકાલ લોકો સંગઠ્ઠન બનાવી રાજયમાં અશાંતિ ઉભી કરે અને અનુચિત અપેક્ષાઓની માગણી કરી રાજા સામે સમસ્યાઓ ઊભી કરે છે આના પાછળ રાજાના જ વિદ્રોહીઓનો દોરીસંચાર હોય છે આવા સમયે રાજાએ બુદ્ધિપૂર્વક સમજાવટ કે સજા દ્વારા વર્તન કરવું જોઈએ.

### સુવિચાર

- આમ જીવનમાં બધું છે, માત્ર ઈશ્વરની કમી...
  એટલે તો શોધ કરવા નીકળ્યા આ જોખમ - **રાજેશ વ્યાસ**
- આજની ક્ષણમાં એકસો ટકા ધ્યાન આપીએ તો તે ભૂતકાળ બનવાને બદલે ઈતિહાસનું પગથિયું બનશે અને ભવિષ્યના શિખરને ઉન્નત બનાવવાનો આધાર પૂરો પાડશે - **એસ. ભટ્ટાચાર્ય**
- કિસ્મત, કામયાબી અને કાળી મજૂરી આ ત્રણેયની કૃપા હોય તો
  ગમે તેવો કડકોય કરોડપતિ થઈ શકે છે - **અમૃતબિંદુ**
- એ સુખનું શું મહત્ત્વ જે વેદનાના મૂલ્ય પર ખરીદવામાં આવ્યું હોય - **જ્હોન મિલ્ટન**
- મને દુઃખ એ વાતનું છે કે મારું જીવન દેશકાજે ફક્ત એક જ વાર કુરબાન કરી શકું છું - **રાજગુરુ**
- ઈશ્વર જાતે મદદ કરવા આવતો નથી... પણ એ એવા સંજોગો ઊભા કરી આપે છે..
  એ સંજોગોમાં તેની કૃપા છુપાયેલી હોય છે - **ભક્તિસૂત્ર (સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

ન્યાયધીશ હોય કે રાજા, મા હોય કે શિક્ષક 'ન્યાય' માટે કડક નિર્ણયો અને સજા તો કરવી જ પડે એમાં કરૂણાસભર હૃદય ન ચાલે ડૉકટરે રોગીના હિત માટે પણ વાઢકાપ તો કરવાં જ પડે!

રાજા સુરથ ખૂબ જ દયાળું - લાગણીશીલ રાજા હતો. અપરાધીઓને જેલ-ફાંસીની સજા આપ્યા પછી એનું મન ખૂબ જ ક્ષુબ્ધ થઈ જતું. ગુરુને જાણ કરી, પુત્રને રાજ સંભાળવાની આજ્ઞા કરી, વનમાં 'તપ' કરવા ચાલ્યા ગયા.

ગુરુ મહામુનિ માંડવ્યને રાજાનો આ નિર્ણય ગમ્યો નહીં પરંતુ - મૌન રહ્યાં. રાજા સુરથ જંગલમાં તપ કરતાં હતા.

એક દિવસ રાજાની ઝૂંપડી ઉપરના વૃક્ષ પર જ એક બાજ પક્ષીએ પોપટનું બચ્ચું પકડી લીધું. રાજાએ જોયું. તરત નજીક પડેલો પથ્થર ઉપાડ્યો અને બાજને માર્યો. બાજ ઘાયલ થઈ નીચે પડ્યું. પોપટના બચ્ચાંના પ્રાણ બચી ગયા.

બરાબર આ સમયે જ માંડવ્ય ઋષિ ઝાડીમાંથી બહાર આવ્યા. અને કહ્યું - રાજન! આતંકી-દુરાચારી લોકો સજ્જન પર હિંસા-દૂરાચાર દ્વારા અન્યાય કરે જ છે. રાજધર્મ નિર્દોષને ન્યાય અપાવવામાં જ છે તો જ 'સુશાસન'ની સ્થાપના થાય. એ તમારી જવાબદારી - કર્તવ્ય છે.

રાજાને પોતાનો ધર્મ સમજાયો - અને ફરી રાજયમાં પાછો ફર્યો.

# રસ્તાઓના નામકરણનું રાજકારણ

## તંત્રીસ્થાનેથી....

તાજેતરમાં નવી દિલ્હીના લુટિયન ઝોનમાં આવેલા ઔરંગઝેબ રોડનું નામ બદલીને ડૉ. એપીજે અબ્દુલ કલામ રોડ રાખવાનો નિર્ણય લેવાયો છે. નવી દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. સાંસદ મહેશ ગિરિએ ઔરંગઝેબ રોડનું નામ બદલવાની કરેલી દરખાસ્ત એનડીએમસી દ્વારા તાબડતોબ માન્ય કરાઈ અને દાયકાઓથી ઔરંગઝેબના નામે ઓળખાતો માર્ગ રાતોરાત પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના નામે ઓળખાશે એવો નિર્ણય લેવાઈ ગયો. બહુ ઓછા લોકો જાણતા હશે કે ગુજરાતના જાણીતા વિચારક ગુણવંત શાહે એમને એનાયત કરવામાં આવેલ પદ્મશ્રી સન્માન સ્વીકાર્યા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લીધેલી મુલાકાત દરમિયાન ઔરંગઝેબ રોડનું નામ બદલીને દારા શિકોહ રોડ રાખવાની ભલામણ કરી હતી. ખુદ ગુણવંતભાઈએ એમની લોકપ્રિય કટારમાં આ વાત લખી પણ હતી. મોદી એમની ભલામણ સંદર્ભે સાનુકૂળ વલણ ધરાવતા હોવાનું અને એ અંગે કાર્યવાહી ચાલી રહી હોવાનો ઉલ્લેખ પણ એ લેખમાં કરાયો હતો. દારા શિકોહ ઔરંગઝેબનો મોટો ભાઈ હતો અને સાચા અર્થમાં ધાર્મિક હતો. એ વિદ્વાન હતો. હિંદુ ધર્મ ગ્રંથનો ફારસીમાં અનુવાદ કરાર દારા શિકોહને પોતાના માર્ગમાંથી હટાવવા ઔરંગઝેબે મારા મોકલ્યા ત્યારે એની પાસે શાક સમારવાનું ચપ્પુ સિવાય બીજું કોઈ હથિયાર નહોતું. એણે એ ચપ્પુ વડે મારાઓનો પ્રતિકાર કર્યો હતો અને શહીદ થયો હતો. ઔરંગઝેબે એના પિતા શાહજહાંને નજરકેદ કરીને સત્તા હસ્તગત કરી હતી. શીખોના ધર્મગુરુ તેગબહાદુરનો શિરચ્છેદ કરનાર ઔરંગઝેબ એની દાર્મિક કટ્ટરતા સંદર્ભે જ નહીં, સંગીત જેવી કલાના દુશ્મન તરીકે પણ કુખ્યાત હતો. પરંતુ એના વહીવટ વિશે ઈતિહાસકારો ઘણા ઊંચો અભિપ્રાય ધરાવે છે. એ પાક મુસલમાનની જેમ સાદાઈથી જીવતો હતો. એશોઆરામ પ્રત્યે એને સખત નફરત હતી. ઔરંગઝેબ રાજયની તિજોરીમાંથી પાઈ પણ અંગત ખર્ચ માટે નહોતો વાપરતો. એ ટોપીઓ સીવીને અને કુરાનેશરીફની નકલો કરીને પોતાનો ખર્ચ કાઢતો હતો. એના સમયમાં હિંદુસ્તાન ચોતરફ વિસ્તર્યું હતું. ૧૭૦૭માં એના મૃત્યુ પછી મોગલ સલ્તનતની પડતી શરુ થઈ હતી. આવા પ્રખર શહેનશાહના નામ સાથે જોડાયેલ નામાંકિત રાજમાર્ગનું નામ બદલવાનો વિચાર ભાજપના નેતાઓને અગાઉ પણ આવેલો. પરંતુ એનડીએમસીમાં થયેલ ઠરાવ અન્વયે એનું અમલીકરણ શક્ય નહોતું. મોદી શાસનમાં એ શક્ય બન્યું છે અને ઔરંગઝેબને બદલે અબ્દુલ કલામ જેવા સાલસ, અજાતશત્રુ, સાચા અર્થમાં બિનસાંપ્રદાયિક પૂર્વ રાષ્ટ્રપતિનું નામ લખી દેવાથી બધું સમુસૂતરું પાર પડી જશે એવી ગણતરી હશે. જો કે ખુદ અબ્દુલ કલામને એમની હયાતી દરમિયાન આવા નામાન્તરણની દરખાસ્ત ન જ ગમી હોત એ ખુદ મોદી પણ સમજે છે. પરંતુ રાષ્ટ્રી સ્વયંસેવક સંઘનો હિંદુત્વ એજન્ડા રામમંદિર સ્વરુપે નહીં તો છેવટે ઔરંગઝેબનું નામ ભૂંસીને પણ લાગુ કરી શકાતો હોય તો એ જોખમ મોદીએ વહોર્યું છે. આઝમખાન અને ઔવેસીથી લઈ ઈતિહાસવિદો સુધી એના પ્રતિકૂળ પડઘા પડ્યા છે. દિલ્હી દેશની રાજધાની છે અને છેક ભીષ્મ પિતામહથી લઈ માધવ રાવ સિંધિયા અને રાજેશ પાઈલય સુધીના રાજનેતાઓના નામના માર્ગો એમાં જોવા મળે છે. ઔરંગઝેબ હિંદુસ્તાનના ઈતિહાસનો એક મોટો શહેનશાહ છે; એ ક્રૂર અને ધાર્મિક દષ્ટિએ અસહિષ્ણુ હતો એ સાચું, પરંતુ ઈતિહાસના એક યાદગાર પાત્ર તરીકે એને કઈ રીતે ભૂંસી શકશો? મોદીએ ત્રિરંગો તો લાલ કિલ્લા પર જ ફરકાવવો પડે છે, જે શાહજહાંએ બંધાવેલો છે. નામ બદલવા છતાં લોકજીભે ચડેલું નામ જલદી વિસરાતું નથી, એનું જીભવગું ઉદાહરણ રિલીફ રોડ છે. એનું નામ કોર્પોરેશનના ચોપડે ટિળક માર્ગ છે, તેની કોઈએ નોંધ સુદ્ધાં લીધી છે ખરી?

# બાળકનું મસ્તીભર્યું હાસ્ય અને મન મૂકીને રડવાનું કયાં વીસરાયું?




## વિચારોના મધુવનમાં

પ્રો. રાકેશ પટેલ

કેટલાક મકાન ધરમશાળાના ઓરડાની જેમ વર્તે છે. ઉતારુઓ આવે, ખાય પીવે અને થાક્યા પાક્યા સુઇ જાય અને સવાર પડતા જ... ભાગવા લાગે! ફરક એટલો કે ધરમશાળામાં રોજ ઉતારુઓ બદલાય... અને ઘરમાં એના એ જ ચેહરા અથડાય. વિખરાતું ઘર આજનું દુર્ભાગ્ય બની રોજ ગીધડાની જેમ ચક્કર મારે છે. શું ચુકી જવાયું છે? આ બધામાં કેટલાક ઘર જીવતા હોય તેવો અનુભવ અવશ્ય થાય. જયાં સવારે પ્રાર્થનામય વાતાવરણ હોય, મોટેરાઓનું માન સચવાતું હોય, બાળકના સર્વાંગીણ વિકાસની પૂજા થતી હોય અને યુવા વર્ગ તેની શક્તિને અભ્યાસ અને સમાજ માટે ખર્ચતો હોય.

બાળકને સમજનાર અને તેને સમય આપનાર કોઈ હોય તે ખૂબ મધુર બાબત છે. ઘણા કુટુંબો બાળક ન હોવાની સ્થિતીમાં અનેક પ્રયત્ન પછી સદભાગી માતાપિતા બને છે. બાદમાં બાળકનો ઉછેર માત્ર કેટલીક ભૌતિક વસ્તુઓથી કરવા ધારે તો સમજવું એ બધા સાથે મળી બાળકને પણ એક વસ્તુ બનાવી કાઢે છે.

એક સમયે એવું કહેવાતું હતું કે વડિલો વાર્તાઓ કહેવાનું ભૂલી ગયા છે. પણ આજે એ વાતથી તો આપણે ઘણા આગળ પહોંચી ગયા છીએ. આપણે જ આપણા દુશ્મન! સાબરના શીંગડા સાબરને ભારે! સૌથી વધુ સહન બાળક કરે છે. તેની મર્યાદા એ છે કે એ પોતાનો મત સ્પષ્ટ કરી શકતું નથી. કોઈ વિશાળ



હરિફાઈના મેદાનમાં બાળકને રોજ દસપંદર કિલોના વજનિયાં ખભે ભરાવી જવાની સૂચના ઘરના લોકો આપ્યે જાય છે. બાળક પણ ધીમે ધીમે એની સહન શક્તિને વધારતો જાય છે. વજન કોઠે પડતું જાય છે, ઠપકો બૂઠા થઈ ગયેલા મન પર નહિવત અસર કરે છે. સમગ્ર વ્યક્તિત્વનો એક ભાગ યાદશક્તિ છે. યાદશક્તિ એ વ્યક્તિત્વ નથી. આજના યુગમાં ટેકનોલોજીએ યાદશક્તિની જરૂરીયાત સામે પ્રશ્ન કરી દીધો છે.

શિક્ષણના બે ઉદ્દેશ્યો છે. એક છે સ્વાવલંબી અથવા અર્થોપાર્જન માટેનું શિક્ષણ અને બીજું છે જીવન જીવવાની કળા શીખવા માટેનું શિક્ષણ. જો બાળકોની રસરુચિ, કુશળતાઓ અને નિપુણતાઓને કોરાણે મૂકી દેવાથી બાળકનું ભલું થવાનું હોત તો ક્યારનુંય થઈ ગયું હોત. શાળાઓ પ્રવૃત્તિમય બને તો બાળક ઉદ્યોગનું મહત્વ સમજે તે અગત્યની બાબત છે. મહેનત કરવાની તાલીમ ઘરમાં મળે અને કુશળતા મેળવવાની તાલીમ શાળામાં મળે તો ભયો ભયો!

ગૃહકાર્યમાં સર્વેક્ષણ કરવું, ચાર્ટ્સ બનાવવા અથવા ગામ કે શહેરના જાણીતા સ્થળની પ્રત્યક્ષ મુલાકાત લઈ તેનો ઈતિહાસ જાણવો. ઘણી વખતે પ્રાચીન સ્થાન વિશે માહિતી મેળવવી રસપ્રદ બની જાય છે. પ્રાયોગિક ક્રિયાઓનું પણ વિજ્ઞાન જેવા વિષયોમાં ખૂબ મહત્વનું છે. સમૂહમાં કામ કરવાની વર્ણતૂંક વ્યક્તિત્વના વિકાસની આધારશિલા છે. કશુંક નવીન કરતા રહેવાનો સ્વભાવ બાળકને જન્મ સાથે મળે છે. સર્જન કરવાની આ ચાલ બાળકને મહાન ચરિત્રોની સમીપ લઈ જાય છે.

વિદ્યાલય : પ્રવૃત્તિઓનું ઘર નામના પુસ્તકમાં બાળવિકાસની સુંદર ચર્ચા કરવામાં આવી છે. (પ્રકાશક ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ) ડૉ. ડીન ઓરેનીશ નામના વિચારક ચિર આયુષ્ય રહસ્ય અંગે કહે છે કે આહારમાં યોગ્ય પરિવર્તન, વ્યાયામ, તનાવમુક્ત જીવન, અને સંયમ આ ચાર બાબતોને જીવનમાં યોગ્ય સ્થાન આપવાથી બધુ બરાબર ચાલે છે. ચાણક્યએ મિતમ્, હિતમ્ તથા ઋતમ્ ભોજન લેવાની વાત કહી છે. અર્થાત્ ભોજન મિતમ્ અલ્પ, સ્વાસ્થ્ય માટે હિતકારી અને ઋતુ અનુસારનું ભોજન જીવતે જીવ સ્વર્ગનું સુખ આપનારું બને છે. બંગાળી કહેવત છે કે રોટી પીવો અને જળને ખાઓ. શાકાહારી ભોજનની શરીર પર સકારાત્મક અસર પડે છે. માંસાહારી ભોજન રોગોનું મૂળ કારણ બને છે. બાળકના આહારની ચિંતા કેટલા માબાપ કરે છે? આહાર

અનુસંધાન પાના નં. ૭ પર

# હાથમાં હથિયારો લઈ બસો ત્રણસો માણસોનું ટોળું ધસી આવ્યું, પોલીસો તેમના પર લાઠીઓ વરસાવતા લાગ્યા, મારો દિકરો ભાગવા ગયો પણ તેને ટોળાએ ઝડપી લીધો, તેની મોટર સાઈકલને આગ ચાંપી દીધી, પરિસ્થિતિ વણસી ગઈ હતી



## નવાં કલેવર

નટવર હેડાઉ

સવારથી સૂરજ તપવા લાગ્યો હતો. વરસાદનો જાણે કે હાથતાળી દઈને ગાયબ થઈ ગયો હતો. છેલ્લા અઠવાડિયામાં અનામતની રેલીઓ અને પછી ફાટી નીકળેલા તોફાનોને કારણે હમણાંથી શાકભાજી વાળા ફેરીયા શેરીમાં આવતા ઓછા થઈ ગયા હતા. એકાદ લારી આવતી તો તેના પર સ્ત્રીઓનું ટોળું મધમાખીઓની જેમ ઝપટી પડતું હતું. શાકભાજીની લારી વાળો પણ મોકો જોઈને ડબ્બલ ભાવ બોલતો છતાં તેનાં શાકભાજી વેચાઈ જતાં હતા. હું આ બાબત અંગે હજુ તો વિચાર કરતો હતો ત્યાં શ્રીમતીજીએ કહ્યું, 'તમે બહાર જવાના હો તો શાકભાજી લાવવાનું ભૂલતા નહીં.'

'લાવ થેલી, આમ પણ બે-ત્રણ દિવસથી નેટ અને વોટ્સએપ બંધ છે. ટી.વી.ની ચેનલોમાં એકના એક સમાચારો જોઈને કંટાળો આવી ગયો છે. લાઈબ્રેરી બાજુ જવું છે તો સાથોસાથ મોટાં માર્કેટમાંથી તાજા શાકભાજી અને ફળો પણ લઈ આવીશ.' મેં થેલી લીધી અને નીકળી પડ્યો.

શાકમાર્કેટમાં પહોંચીને મેં ડુંગળી, લસણ, આદુ બે-ત્રણ લીલા શાકભાજી અને સિઝનનાં ફળો લીધા. એક બે જગ્યાએ ભાવ પૂછતો પૂછતો હું એક વૃદ્ધ વ્યક્તિની દુકાને પહોંચ્યો. હું તેની દુકાનમાં સફરજન, ચીકુ, કેળા વિગેરે જોતો હતો ત્યારે એ વૃદ્ધ માણસ બરાબર નજર ઠેરવી એકી નજરે મને જોઈ રહ્યો હતો.

મેં પુછ્યું શું વાત છે? પણ તેમની તંદ્રા તૂટી નહીં. એ તો મને એમ જ જોતા રહ્યાં. થોડીવાર પછી મેં જરા ઊંચા અવાજે ફરી પુછ્યું વાત શું છે? ત્યારે તેમની આંખો છલકાઈ ઉઠી જેને લૂંછતા બોલ્યાં, 'બેટાં, કંઈ નહીં, સાહેબ કંઈ નહીં.'

મેં કહ્યું, 'ના કંઈક તો છે નહીંતર આમ...'

'આમ તો આ શાકમાર્કેટમાં મેં તમને આ પહેલાં કયારેય જોયા નથી.' 'સાહેબ, કઈ રીતે જૂઓ? અમારે પહેલાં શાકભાજીનો હોલસેલ વેપાર હતો.'

'તો પછી, અહીં આવીને આ છૂટક વેપાર કરવા કેમ બેસી ગયા.' 'સાહેબ, એ બહુ દુઃખદ વાત છે. અરે વાત કયાં હકીકત છે. આંખમાં આવેલ આંસુઓ સાથે વૃદ્ધે કહ્યું.' 'શું છે દુઃખદ વાત? કઈ હકીકતની વાત કરો છો?'

'બેટા... સાહેબ હોલસેલ માર્કેટમાં મેં મારો દિકરો ખોયો છે.'

'દિકરો ખોયો છે...?' મેં પુછ્યું.

'હાં સાહેબ, મારો એકનો એક દિકરો, મારી આંખોનું રતન, ઘરડા બાપનો સહારો, બે છોકરા અને વહુને મુકીને આ દુનિયા છોડી ચાલ્યો ગયો.' 'પણ એવું થયું કઈ રીતે?'

'બન્યું હતું એવું કે સાંજે એ માર્કેટથી બાઈક લઈને આવતો હતો. રસ્તામાં તેને પોલીસે રોક્યો. તેની સાથે રકઝક ચાલતી હતી. ત્યાં હાથમાં હથિયારો લઈ બસો ત્રણસો માણસોનું ટોળું પણ ત્યાં ધસી આવ્યું. પોલીસો તેમના પર લાઠીઓ વરસાવતા લાગ્યા. મારો દિકરો ભાગવા ગયો પણ તેને ટોળાએ ઝડપી લીધો. તેની મોટર સાઈકલને આગ ચાંપી દીધી. પરિસ્થિતિ વણસી ગઈ હતી. નજરે જોનારે મને કહ્યું કે તમારો દિકરો ટોળામાંથી બહાર તો નીકળી ગયેલો પણ ત્યાં અચાનક ગોળીબાર થયો. અને બંદૂકની એક ગોળી સનનન... કરતી ધડાકા સાથે આવીને તેની છાતીમાં ઘુસી ગઈ. લોહી-લુહામ હાલતમાં એ બૂમો પાડતો રહ્યો. ઝપાઝપી, દેકારો અને નાસભાગમાં તેના તરફ જોવાની કોઈને ફૂરસત નહોતી.' 'આ બનાવ કયાં બનેલો?'

'જથ્થાબંધ શાક માર્કેટના દરવાજા પાસે..., હું ત્યાં પહોંચ્યો ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. શાકભાજી વેચવા આવનાર એક ટેમ્પાવાળાએ મદદ કરી એટલે મેં તેને હોસ્પિટલે પહોંચાડ્યો, પણ ડૉકટરે તેને મૃત જાહેર કર્યો.'

'તમારા દિકરાનું નામ કિશન હતું?'

'હાં, સાહેબ પણ તમને કયાંથી ખબર?' તેણે પુછ્યું.

'મેં છાપામાં વાંચેલું.'

'હાં, સાહેબ છાપામાં જરુર છપાયું હશે. કેમ કે પોલીસ કેસ થયેલો. વળતર જાહેર થયું, થોડું મળ્યું. બીજું જેને હાથે ચડ્યું એ લઈ ગયા. સાહેબ વળતરને શું કરવાનું? મેં તો મારો જુવાન દિકરો ખોયો. શું વળતરથી એ દુઃખ ઓછુ થઈ શકે? દિકરો પાછો આવી શકે?'

'તમારી વાત સાચી છે. પૈસો કોઈ જખ્મો ભરી નથી શકતો.'

'સાહેબ, દિકરો ગયા પછી તેની માં બેબાકળી થઈ ગઈ છે. વહુ ગુમસુમ રહે છે. છોકરાઓ પણ ઉદાસ થઈ જાય છે. એ બધાંનો એક સહારો હવે આ ડોસો છે.'

'તો તમે એ જથ્થાબંધ માર્કેટનો ધંધો કેમ ચાલુ ન રાખ્યો?'

'સાહેબ, કોઈ બાપ એ જગ્યાએ કામ કરી શકે ખરો જયાં તેનો જુવાન આંખના રતન સમા દિકરાને ખોઈ બેઠો હોય. દિકરો યે કેવો? શ્રવણકુમાર જોઈ લો. સાહેબ હવે તો હું તેની માં, વહુ અને નાનાં નાનાં બે છોકરાઓ માટે જીવી રહ્યો છું. હવે તો તેમનો બાપ, દાદો જે ગણો તે હું જ છું. કહેતાં તેમનું ગળું રૂંધાઈ આવ્યું.'

'સારું, હવે તમે મને એ કહો કે હું તમારી દુકાને ફળો લેવા આવ્યો. ત્યારે તમે મને એકી નજરે કેમ જોતા હતા.' સાહેબ, આંખો લુંછતા વૃદ્ધે કહ્યું, 'મને તમારામાં મારા દિકરાની છબિ દેખાઈ હતી. એ જ કદ, કાઠી, બિલકુલ એ તમારા જેવો જ લાગતો હતો. મને લાગ્યું કે મારો દિકરો જ સામે ઊભો છે.' મને પણ એમ લાગ્યું કે એ વૃદ્ધે પોતાની દારૂણ વ્યથા મને કહેતા તેનું મન હળવું થયું છે.

'સાહેબ, માફ કરજો મેં તમને બેટા કહ્યું, તમને કદાચ ખોટું લાગ્યું હશે.'

નહીં, ખોટું શું કામ લાગે. તમે મને બેટા કહેજો. તમે બેટા કહ્યું એ મને પણ સારું લાગ્યું. સાહેબ શબ્દમાં તો પરાયા પણાનો ભાવ લાગે છે.

મારા શબ્દો એ વૃદ્ધ વ્યક્તિના મન પર જાદુઈ અસર કરી. તેની આંખોમાં આત્મીયતાની ચમક આવી ગઈ. જાણે કંઈક મળી ગયું. એ દરમિયાન બીજા કેટલાય ગ્રાહકો ફળો ખરીદવા આવતા રહ્યા વૃદ્ધ વ્યક્તિ ફળો તોલવામાં અને ભાવતાલ કરવામાં વ્યસ્ત થઈ ગયો. મેં પણ તેની પાસેથી ફળો ખરીધ્યા અને પૈસા આપવા લાગ્યો ત્યારે તે વૃદ્ધે પૈસા લેવાનો ઈન્કાર કરી દીધો. મેં કહ્યું ના, પૈસા તો તમારે લેવા જ પડશે.

'લઈશ... જરુરથી લઈશ પણ પૈસા નહીં. એક વચન.' 'એટલે શું? લઈશ પરંતુ પૈસા નહીં વચન.' 'બસ એજ બેટા, કયારેક કયારેક આ ડોસાની દુકાને આવતા રહેજો. તમને જોઈને મને મારા દિકરાને જોવાની ઈચ્છા પુરી કરી લઈશ. તમને જોઈને મારા મનને સંતોષ થઈ જશે.'


'સંબંધ બાંધ્યો છે તો 'તમે' નહીં 'તું' કહો.' 'હાં, બેટાં, તું જરુર થી આ ડોસાની દુકાને આવજો.' 'જી, જરુરથી આવીશ બસ. એક દિકરાનું આ વચન છે. હવે હું આ દુકાન કયારેય નહીં ભૂલું.' મોડે મોડે શાકભાજી લઈ હું ઘેર પહોંચ્યો તો પત્નીએ કટાક્ષ કર્યો. શાકભાજી લેવા ગયાં ત્યાં જ અટકી ગયા.

હું કાંઈ જવાબ આપી શક્યો નહીં. આંખોમાં આવેલ ભીનાશને મેં છુપાવી દીધી.

- vanvihari@gmail.com

# ડિયર મૅગી... તુમ હોતી તો ઐસા હોતા, તુમ હોતી તો વૈસા હોતા...!!

## *ઓ તારી... હવે ખબર પડી 'બે મિનિટ'માં બનતી મૅગી આપણને ત્રીસ વર્ષથી 'બનાવતી' હતી, તોય એ સારી હતી*



## Hello ફ્રેન્ડસ

સંજય થોરાત

રક્ષાબંધન, રવિવારની બબ્બે રજાઓ સાથે આવી અને પરિવારમાં બધાં ઘરમાં હાજર, એમાંય આ પાટીદારોની રેલીના કારણે થયેલાં છમકલાંથી વોટ્સ એપ અને ફેસબુક બંધથી જતાં, આ બધાંને યાદ આવી ગયું કે આપણને પેટ છે, અને ટેસ્ટ માટે મોં પણ છે... સાલું, અમારે તો કોઈ રજાયે નહીં અને આ લોકોને કંઈક ને કંઈક ખાવાના ચટાકા સુજે છે, મમતા રસોડામાં અકળાઈને મનમાંને મનમાં બળાપો કાઢતાં હતાં...

આ મૅગી હતી ત્યાં સુધી સારું હતું. ચટપટો સ્વાદ અને બે મિનિટ (એટલે આમ તો ૧૫-૨૦ મિનિટ)માં તૈયાર... આ કોને મૅગીની ઈર્ષાઆવી સમજાતું જ નથી.




મૅગી ઉપરના પ્રતિબંધ પછી તરત જ ભૂખ લાગ્યાનો પ્રશ્ન હવે મોઢું ફાડીને ઊભો થઈ ગયો છે. એના કારણે મારા જેવા ગૃહિણીની હાલત તો જામ થઈ ગઈ છે. ફિલ્મો, નાટક, શૉપિંગ મૉલ, કિટ્ટી પાર્ટી આ બધામાં જ બહેનોની ગેરહાજરી વધી ગઈ છે.... મને તો લાગે છે, આમાં નક્કી પાકિસ્તાનનો હાથ હશે, નહીં તો કેજરીવાલ પણ હોઈ શકે! મમતા આજે જરા બેનર્જી જેવી જ 'બંગાળ ટાયગ્રેસ' બની હતી!

'મૅગી' પર મુકેલો બૅનને કારણે અમારા જેવી ગૃહિણીઓને હવે સાચ્ચા અર્થમાં રસોડાનો અર્થ સમજાવા લાગ્યો છે. શું પાપ કર્યા હશે અમે બધાંએ ખબર નહીં, મને લાગે છે કે આ એકબીજાની નિંદા-કૂથલી કરવાની આદતમાં કોકના નિસાસા નડ્યાં લાગે છે! એનામાં રહેલા અવગુણ અત્યારે જ નજરે ચડ્યાં અને એનો ફંદો અમારાં જ ગળે?

અરે 'એ' હતી એ એક વિચારથી જ અમારાં જેવી ગૃહિણીઓને દસ 'મંથરા' જેટલું જોર ચડતું, અમારાં પરિવારનાં ટીનીયાથી લઈ ચોકઠાં પહેરતાં દાદા-દાદી સુધી બધાંના મોંઢા સીવી શકતાં... કંઈક ખાવું છે, એવી બૂમ પડતાં જ કોઈ કકળાટ વગર અમે મૅગીની પ્લેટ સાથે સેવામાં હાજર થઈ જતાં!

'મૅગી' અમને એટલે વહાલી હતી કે એ કોઈ પણ જગ્યાએ કહ્યાગરા કંથની જેમ ગોઠવાઈ જતી, કોઈ સમયની પાબંદી નહીં. સવાર-બપોર-સાંજ, પરોઢ કે પછી અરધી રાત્રેય બિચારી તરત જ સેવામાં હાજર! હિમાલય જેવી કડકડતી ઠંડી હોય કે કચ્છના રણની બળબળતી બપોર હોય, એ એના ચટાકેદાર સ્વાદમાં હાજર!

અને એ પાછી 'પાટીદાર' જેવી કોઈ અનામત પણ નહોતી માંગતી. જાતપાત, રંગભેદ, વર્ણભેદ, લિંગભેદ આ બધાંથી ઉપર ઉઠીને એનો એક જ સેવાકીય ધર્મ એટલે બે મિનિટમાં પૅકમાંથી પેટમાં જવાની વાત!! જેને ગમી, પોસાઈ એને એ વહાલી થઈને રહી ગઈ. નોકરી કે શિક્ષણ માટે બહાર નીકળતાં લોકોની તો એ પ્રથમ પસંદગી, એમની ભૂતને ઠારવાનુ પુણ્યશાળી કામ તો આ ડિયર મૅગી જ કરતી!

આમ જુઓ તો ભારતની આઝાદી પછી છેલ્લા ૬૦ વર્ષથી જે દેશને ભૂખનો પ્રશ્ન સતાવે છે, એ એણે નાના મોટા આકારમાં અને કિંમતમાં આવી બે જ મિનિટમાં હલ કરી દીધો હતો. હવે બોલો? આટલી બધી ખૂબીઓ ધરાવતી વહાલી પર આવી રીતે સાવ જ ઘરમાં ઘૂસવાનો પ્રતિબંધ ફરમાવાય?

અરે, આ તમારા પ્રતિબંધને કારણે આ તમામ ગૃહિણીઓને શું શું તકલીફો સહન કરવી પડે છે? તુમ કયા જાનો નરેન્દ્ર બાપુ...? અમારે અમારાં રસોડાનાં માળીયામાં ધૂળ ખાથી પડેલી જૂની નોટ, ડાયરી, ચોપડીઓ કે જેમાં ઝટપટ બનતી વાનગીઓ લખીને રાખી છે, એની ધૂળ ખંખેરવી પડી છે. કારણ જયારથી આ મૅગીનું અમારાં જીવનમાં આગમન થયું છે ત્યારથી અમે બીજી વાનગીઓનો ટેસ્ટ જ ભૂલી ગયાં છીએ!

એનાં ઝટપટ સપોર્ટના કારણે જ તો અમે સિનેમા, કિટ્ટી પાર્ટી, પિકનિકમાં જઈ શકતાં હતાં. અને કાળમાં કહું તો મારા જેવી ઘણીબધીઓએ એમનાં હબીને મેગી બનાવતાં શીખવી જ દીધું હતું, એટલે વહેલાં મોડાંની ચિંતા નહીં!

આ એને બંધ કરાવી દીધી, અમારે બધાં મસાલીયામાં હાથ ઘાલવો પડે છે. રોજ સવારે શું નાસ્તો બનાવવો? ત્યાંથી રામાયણ શરુ થાય છે. પહેલાં તો એકતા કપૂરની સિરિયલમાં બ્રેક આવે એટલામાં ડીશ તૈયાર થતી, હવે આખો હપ્તો બીજે દિવસે સવારે જોવો પડે, એવી હાલત થઈ ગઈ છે! હોસ્ટેલમાં ભણતાં બાળકોને ૨૦ પૅકેટ મેગીના પકડાવી વિદાય કરાતી, હવે તો ચેવડો, સુખડી, મમરાં, ખાખરાંનાં ડબ્બા ભરીને આપવામાં સાલો દમ નીકળી જાય છે!

મેટ્રોમોનિયલ સાઈટ પર હૉબીમાં કુકીગ લખતી કોડભરી કન્યાઓએ મેગીની વિદાય બાદ હોબીમાંથી કુકીંગને હટાવી દીધું છે! ઘરમાં હવે સાસુઓ ફોર્મમાં આવી છે. મેગીમાં કોઈ ભૂલ કાઢવાનો સવાલ નહોતો? 'બેટા વહુ મીઠું જરા વધી ગયું છે, મરચું થોડું ઓછું નાંખતી હોય તો? ઉપમામાં પાણી નખાય, બટાકા-પૌંઆમાં નહીં' જેવાં ટોળાઓ હસતાં હસતાં મારે છે, જાણે અમને મેગી સિવાય કશું આવડતું જ ન હોય?

કોણ નાયાલકની નજર લાગી ગઈ કોને ખબર? એના રુપ અને ગુણથી કોણ ઈર્ષા કરી ગયું? કહે છે કે એ ભ્રષ્ટ હતી હવે આખું હિન્દુસ્તાન ભ્રષ્ટાચારના વરખ નીચે ઢંકાયું હોય એમાં આનો જ કાન ઝાલવાનો? એનો ઉપરનો રંગરોગાન અને ટેસ્ટફુલ સ્વાદ જનતાના આરોગ્ય માટે ઘાતક હતો! અરે એ અચાનક જ ઘાતક થઈ? પેલાં માવા-મસાલા-ગુટખા-સિગારેટનું કઈ નહીં અને અમને હાઉસ વાઈફને મદદરુપ થતી મેગી જ નિશાના પર?

એનો જયારે જન્મ થયો, ત્યારે એ ઘાતક નહોતી? એની કોઈએ સોનોગ્રાફી નહોતી કરાવી? એટલે સ્ત્રીભ્રુણ હત્યાની જેમ એનો પણ જન્મ પહેલાં જ ગર્ભપાત કરાવી નાંખવો હતો ને? કે પછી દિકરી લક્ષ્મીનો અવતાર છે, એના જન્મથી ઘરમાં લક્ષ્મી આવે, એવું કહીને પહેલાં કોથળાં ભરી ધન લૂંટી લીધું અને પછી એને વાંઝણી કરીને કાઢી મૂકી? અરે, એને અસ્તિત્વમાં લાવ્યા જ શું કામ? અમને એ કેટલી વહાલી હતી? હવે એનો પગ કુંડાળામાં પડ્યો કહીને કાઢી મુકવાની? આટલાં વર્ષો ધનની પેટીઓ મળતી હતી એટલે આંખે પટ્ટીઓ બાંધીને જનતાના આરોગ્યની ઐસીતૈસી કરીને ચલાવે જ રાખ્યું ને? આટલાં વર્ષો છૂટી રહ્યાં પછી આજે જ કેમ ઝપટમાં ચઢી? નક્કી એનું કનેકશન જૂની સરકાર સાથે હશે!

અનુસંધાન પાના નં. ૭ પર